રહેમરાહે નોકરીના વિકલ્પે ઉચ્ચક રોકડ સહાય યોજનારાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને લાગુ પાડવા બાબત.

ગુજરાતસરકાર

શિક્ષણવિભાગ

પરિપત્ર ક્રમાંક : બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ.

સચિવાલય, ગાંધીનગર.

**તા. : ૪ / ૫ / ૨૦૧૮**

**વંચાણે લીધા :-**

(૧) શિક્ષણ વિભાગના તા. ૨૦/૧૧/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક : બમશ/૧૦-૨૦૦૦/૫૧૭/ગ.

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૫/૭/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૦૯-૧૬૫૧-ક

(૩) શિક્ષણ વિભાગનોતા. ૨/૧/૨૦૧૨નોઠરાવક્રમાંક : બમશ-૧૦૧૧-૧૪૧૮-ગ.

(૪) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૧૩/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક : રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક.

(૫) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૭/૪/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક.

(૬) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૦/૭/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ-૧૦૨૦૧૭-યુઓ-૧૦૬ (૧૮૦૯૯૫)-ક.

(૭) સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૧/૮/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : રહમ/૧૦૨૦૦૯/૧૬૫૧/ક.

(૮) શિક્ષણ વિભાગનો તા. ૨૫/૧૦/૨૦૧૭નો પત્ર ક્રમાંક : બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ.

(૯) શિક્ષણ વિભાગનો તા. ૧૮/૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક : બમશ/૧૦૧૧/૧૪૧૮/ગ.

**પરિપત્ર :-**

રાજ્ય સરકારના કર્મચારીઓનાં આશ્રિતો માટેની રહેમરાહે નોકરીની યોજના રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં કિસ્સામાં પણ લાગુ પાડવા માટે સંદર્ભ (૧) હેઠળના તા. ૨૦/૧૧/૨૦૦૦ના ઠરાવથી લાગુ કરવામાં આવી છે. સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૭/૨૦૧૧ના સંદર્ભ (૨) હેઠળના ઠરાવથી ચાલુ નોકરીએ અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના સરકારી કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને રહેમરાહે નોકરીના વિકલ્પે ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની યોજના અમલમાં આવી છે. આ વિભાગના તા. ૨/૧/૨૦૧૨ના સંદર્ભ (૩) હેઠળના ઠરાવથી બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં કિસ્સામાં પણ ઉચ્ચક રોકડ સહાયની પ્રસ્તુત યોજના લાગુ કરવામાં આવેલ છે અને તા. ૫/૭/૨૦૧૧ના ઠરાવની જોગવાઇઓમાં સંદર્ભ (૪), (૫) અને (૬)ના ઠરાવોથી સમયાંતરે જરૂરી સુધારાઓ કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨૧/૮/૨૦૧૭ના સંદર્ભ (૭) હેઠળના ઠરાવથી તા. ૫/૭/૨૦૧૧ના ઠરાવના પારા નં.૭માં ફેરફાર કરી નીચે મુજબની જોગવાઇ કરવામાં આવેલ છે.

" આ યોજના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર રાજ્ય સેવા તથા પંચાયત સેવાના કર્મચારીઓ **ઉપરાંત ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થામાં અગાઉ સરકારશ્રીની મંજૂરીથી રહેમરાહે નીતિનો અમલ કરવામાં આવેલ હોય તેવી અનુદાનિત સંસ્થાઓના અને ત્યારબાદ ઉચ્ચક સહાય ચૂકવવા બાબતની નીતિનો સરકારની મંજુરીથી અમલ કરવામાં આવતો હોય તેવી સંસ્થાઓમાં રાજ્ય સરકાર દ્વારા અનુદાનિત જગ્યા ઉપર ફરજ બજાવતા કર્મચારીના પગાર-ભથ્થા માટે અનુદાન આપવામાં આવતુંહોય તેવા વર્ગ-૩ અને વર્ગ-**

**૪ના કર્મચારીના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર કિસ્સામાં તેનાં આશ્રિત કુટુંબને પણ સમાન રીતે લાગુ પડશે."**

આમ, સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૧/૮/૨૦૧૭ના ઠરાવના પારા નં.૧ની વિગતે તા. ૫/૭/૨૦૧૧ના ઠરાવથી રહેમરાહે નિમણૂંકને બદલે વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય ચૂકવવાની જે યોજના અમલમાં મૂકેલ છે તથા સંદર્ભ (૪), (૫), (૬) અને (૭)ના ઠરાવોથીવખતો વખત જે સુધારાઓ કરવામાં આવેલ છે તે આપોઆપ ગ્રાન્ટ ઇન એઇડસંસ્થાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને લાગુ પડે છે.

આમ, ઉપરની વિગતો ધ્યાને લેતાં, સામાન્ય વહીવટ વિભાગના તા. ૫/૭/૨૦૧૧ના ઠરાવ તથા તે અન્વયે વખતો વખત કરવામાં આવેલ સુધારાઓ મુજબની કાર્યવાહી રાજ્યની બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય ચૂકવવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

વધુમાં, સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૫/૭/૨૦૧૧ના ઠરાવના અનુસંધાને ભવિષ્યમાં જો કોઇ સુધારાઓ કરવામાં આવે અને તે સુધારાઓમાં ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓને લાગુ પડશે તેવી જોગવાઇ કરવામાં આવે તો તે આપોઆપ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓનાં કિસ્સામાં આપોઆપ લાગુ પડશે તથા તેના માટે અલગથી વિભાગની મંજૂરી મેળવવાની રહેશે નહીં. પરંતુ, જો યોજનાનું સ્વરૂપ બદલાય તો સરકારની પૂર્વ મંજૂરી વિના કોઇ કાર્યવાહી કરવી નહીં.

આ પરિપત્ર અન્વયે આપની કચેરી દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંકલનમાં જરૂરી કાર્યવાહી કરી, લાભાર્થીઓને રકમ ચૂકવવાની કાર્યવાહી સત્વરે પૂર્ણ કરવાની રહેશે તથા તેનો અહેવાલ દર ત્રણ માસે શિક્ષણ વિભાગને રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

**(મહેશ ભટ્ટ)**
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ - ૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, (કમિશનરશ્રી શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, (કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- વિભાગના સીસ્ટમ મેનેજરશ્રી તરફ વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
- નાયબ સેક્શન અધિકારીની સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ.